| | |
|---|---|
| દાખલ તારીખ | ::–૦૮/૦૭/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ::–૦૮/૦૭/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ::–૧૪/૦૭/૨૦૨૫ |
| સમયગાળો | ::–વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૭ |

सत्यमेव जयते

---

**નર્મદા જીલ્લાનાં મહે.એડી.સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ,**
**મુકામ–રાજપીપળા.**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૫૪/૨૦૨૫**
**આંક:–૧૨**

અરજદાર:– ચૈતરભાઈ દામજીભાઈ વસાવા
ઉ.વ.૩૭, ધંધો–સમાજસેવા,
રહે.ચુલી ફળીયું,બોગજ,તા.ડેડીયાપાડા,જી.નર્મદા.
હાલ:–જીલ્લા જેલ,વડોદરા.

:– વિ રૂ દ્ધ –:

સામાવાળા/:– શ્રી સ ર કા ર.

બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી આર.યુ.વ્હોરા
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી જે.જે.ગોહિલ

---

::– **ચુ કા દો** –::

૧) આ કામનાં અરજદાર/આરોપીની ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટ–એ.૧૧૮૨ ૩૦૦૪૨૫૦૯૨૨/૨૦૨૫ નાં કામે બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧),૭૯,૧૧૫(૨),૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨,૩૨૪(૩) મુજબનાં ગુનાના કામે પોલીસે તા.૫/૭/૨૦૨૫ નાં રોજ ધરપકડ

કરેલ છે, ત્યારબાદ તેઓને તા.૬/૭/૨૦૨૫ નાં રોજ વિ.એડી.ચીફ જ્યુ.મેજી.શ્રી, ડેડીયાપાડા, જી.નર્મદા સમક્ષ રજુ કરી અરજદાર/આરોપીના દિન-૫ નાં પોલીસ રીમાન્ડ મળવાની માંગણી કરવામાં આવતાં, અરજદાર/આરોપીની રીમાન્ડ અરજી નામંજુર કરવામાં આવેલ,ત્યારબાદ અરજદાર/આરોપીએ વિ.એડી.ચીફ જ્યુ.મેજી.શ્રી,ડેડીયાપાડા,જી.નર્મદા સમક્ષ જામીન ઉપર મુકત થવા ફો.પ.અરજ નં.૧૭૧/૨૦૨૫ ની દાખલ કરતા વિ.એડી.ચીફ જ્યુ.મેજી.શ્રી, ડેડીયાપાડા,જી.નર્મદાનાઓએ તા.૬/૭/૨૦૨૫ નાં રોજ જામીન અરજી નામંજુર કરતા અને ત્યારથી અરજદાર/આરોપી જ્યુ.કસ્ટડીમાં હોય, રેગ્યુલર જામીન મેળવવા હાલની આ જામીન અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે.

૨) જામીન અરજીની નોટીશ સરકારશ્રી વતી મુખ્ય સરકારી વકીલશ્રીને બજતા વિ. પી.પી.શ્રી જે.જે.ગોહિલ હાજર થયેલા છે અને સદર કામે આંક-૭ થી તપાસ કરનાર અમલદારે જામીન અરજી વિરૂધ્ધ પોતાનું સોગંદનામુ તથા આંક-૮ થી ત.ક.અમલદારે દેવેન્દ્ર જેઠાભાઈ વસાવા નામની વ્યકિતએ ન્યુઝ ચેનલામા જણાવેલ વિગતો તથા ટેલીફોનીક વાતચીત અને અરજદાર/આરોપી કસ્ટડીમા હતા તે દરમ્યાન તેણે કરેલ વાતચીતની સ્ક્રીપ્ટ તથા તે સાથે તેના ફુટેજ તથા રેકોર્ડીંગની પેઈન ડ્રાઈવ રજુ કરેલ છે.

૩) ત્યારબાદ અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર.યુ.વ્હોરા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી જે.જે.ગોહિલની રૂબરૂ દલીલ સાંભળવામાં આવેલ છે.

૪) અરજદાર/આરોપી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપી તે ડેડીયાપાડા વિધાનસભાના સભ્ય તરીકે આપ નામની રાજકીય પાર્ટીમાંથી ચુંટાઈ આવેલ એમ.એલ.એ. છે અને તેઓ ગામ બોગજ તા.ડેડીયાપાડા જી.નર્મદા મુકામે તેઓની બે પત્નિ અને ચાર બાળકો સાથે રહી એમ.એલ.એ.તરીકે સમાજસેવા કરી પોતાનુ જીવન વ્યતિત કરે છે.વધુમાં અરજદાર/આરોપી તે આપ પાર્ટીથી ચુટાયેલ વિભાનસભાના સભ્ય હોય અને ગુજરાત રાજયમા અને કેન્દ્રમા ભારતીય જનતા પાર્ટી નામના રાજકીય પક્ષની સરકાર હોય તેથી અરજદાર/આરોપી સાથે રાજકીય અદાવત રાખી અરજદાર/આરોપીનુ રાજકીય કેરીયર ખતમ કરી દેવાના ઈરાદાથી અરજદાર/આરોપીને આ ગુનામા ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. વધુમાં ફરીયાદી તે તાલુકા પંચાયત ડેડીયાપાડાના ભાજપ પક્ષમાંથી બનેલા પ્રમુખ છે અને આ કેસના

સાહેદો પણ ભાજપ પક્ષમાંથી જોડાયેલા છે.વધુમાં ફરીયાદ મુજબનો બનાવ બપોરના બાર વાગ્યે બનેલો છે અને બનાવ અંગેની સૌ પ્રથમ ફરીયાદ અરજદાર/આરોપીએ ફરીયાદી વિરુધ્ધ ડેડીયાપાડા પો.સ્ટે.મા બપોરના બે વાગ્યે આપેલ હતી પરંતુ તેમ છતા તેમા કોઈ ગુનો દાખલ કરવામા આવેલ ન હતો અને અરજદાર/આરોપીને પો.સ્ટે.માં બેસાડી રાખવામા આવેલ હતા અને ત્યારબાદ સાંજના છ વાગ્યે ફરીયાદીએ દાખલ કરેલ ફરીયાદના અનુસંધાને અરજદાર/આરોપીની ધરપકડ કરી લેવામા આવેલ છે અને ત્યારથી અરજદાર/આરોપી જયુ.કસ્ટડીમા છે.આમ ફરીયાદીએ કરેલ ફરીયાદ છ કલાક મોડી છે અને પો.સ્ટે.એકાદ કિ.મી.ના અંતરે આવેલ છે છતા ફરીયાદ દાખલ કરવામા આટલો બધો વિલંબ કેમ થયેલ છે તે અંગે કોઈ ખુલાસો થયેલ નથી અને તેથી ફરીયાદીએ રાજકીય અદાવત રાખી ગોઠવણ કરી ખોટી ફરીયાદ આપેલ છે.વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧) મુજબ હત્યાની કોશીષનો ગુનો દાખલ કરવામા આવેલ છે પરંતુ હત્યાની કોશીષ માટે ફરીયાદી અથવા ઈજા પામનારને ઈજા થવી જરુરી છે પરંતુ આવી કોઈ ઈજા થયેલ નથી તેથી બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧) લાગુ પડતી નથી તેમ છતા અરજદાર/આરોપીને ગંભીર ગુનામા સંડોવવા માટે આ કલમ એફ.આઈ.આર.માં દર્શાવવામા આવેલ છે.વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધ તેણે પ્રાંત અધિકારીશ્રીના ટેબલ ઉપર મુકેલો મજબુત અને વજનદાર કાચનો ગ્લાસ પોતાના હાથમા લઈ ફરીયાદીને માથામા મારવા માટે છુટો ઘા કરેલ પરંતુ હાજર પોલીસે હાથ આડો રાખતા ગ્લાસ હાથ સાથે અથડાઈને ફર્સ ઉપર નીચે પડી તુટી ગયેલ અને ગ્લાસ ફર્સ ઉપર પડી તુટી જતા જે તુટલો અણીદાર કાચનો ગ્લાસ અરજદાર/આરોપીએ પોતાના હાથમા લઈ ફરીયાદી પાસે જઈ ''આજે તો તને હું મારી નાખીશ'' તેમ કહી એક હાથથી ફરીયાદીનુ ગળુ પકડી બીજા હાથામા રહેલ તુટેલા અણીદાર ગ્લાસ વડે ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ગળાના ભાગે મારવા જતા ફરીયાદીએ જેમતેમ કરી પોતાનો જીવ બચાવેલ હોવાનો ફરીયાદપક્ષે આક્ષેપ કરવામા આવેલ છે પરંતુ જેમ કારનો આગળનો કાચને તોડવામા આવે તો તે અણીદાર તુટતો નથી પરંતુ નાના નાના ટુકડાઓમા તુટે છે તે જ રીતે કાચના ગ્લાસમા જે કાચનો ઉપયોગ થયેલ હોય છે તે પણ જો ગ્લાસ નીચે પડી જાય તો તેના મોટા ટુકડા થતા નથી અને તેના નાના નાના ટુકડા થઈ જાય છે માટે અણીદાર તુટેલા ગ્લાસથી અરજદાર/આરોપીએ હત્યાનો પ્રયાસ કરેલ તેવી હકીકત

ફરીયાદપક્ષે ખોટી ઉભી કરેલ છે અને તે વાસ્તવીક નથી.વધુમાં પ્રાંત અધિકારીની અધ્યક્ષતામા મીટીંગ થયેલ હતી તેમ છતા હજુ સુધી પ્રાંત અધિકારી તેમજ જે મહીલા સાથે અરજદાર/આરોપીએ અભદ્ર ભાષામા અને મહીલાને ન શોભે તેવા શબ્દો બોલી વાત કરેલ હોવાનુ જણાવે છે તેવા મહીલા સાહેદ–ભોગબનનારનુ ત.ક.અમલદારે નિવેદન લીધેલ નથી. તે જ રીતે મીટીંગમાં ૧૨ થી ૧૩ વ્યકિતઓ હાજર હતા છતા નજરે જોનાર સાહેદ તરીકે સોગંદનામામાં ૫ વ્યકિતઓના જ નામ લખેલા છે જે બતાવે છે કે બાકીના કોઈ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.વધુમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ અક્ષયભાઈ જૈનનુ નિવેદન નોંધવામા આવેલ છે પરંતુ આ વ્યકિત તે કોઈ હોદેદાર કે ચુટાયેલ સભ્ય નથી પરંતુ તેઓ કોન્ટ્રાકટર છે અને તેઓને સરકારી સભ્ય તરીકે નિમણુક આપવામા આવેલ તે જ વ્યકિત છે અને તેમણે નિમણુંક આપવા સામે જ અરજદાર/આરોપીને વાંધો હતો તેથી આવી વ્યકિતને સાહેદ તરીકે ગણી શકાય નહી.વધુમાં જે જગ્યાએ મીટીંગનુ આયોજન થયેલ હતુ તે જગ્યાએથી પોલીસે ડી.વી.આર.મુદામાલ તરીકે કબજે કરેલ છે પરંતુ સી.સી.ટી.વી.નું કોઈ ફુટેજ રજુ કરેલ નથી, આમ પોલીસે સત્ય હકીકત છુપાવવા આવુ કોઈ ફુટેજ રજુ કરેલ નથી.વધુમાં અરજદાર/આરોપી તે ડેડીયાપાડા તાલુકાના કાયમી રહીશ છે,કુંટુંબ પરીવાર ધરાવે છે,નાશી ભાગી જવાની કોઈ શકયતા રહેલ નથી.વધુમાં ત.ક.અમલદારે તેના સોગંદનામામા અરજદાર/આરોપી વિરુધ્ધ અગાઉ ૧૮ ગુનાનો દાખલ થયેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ તમામ ગુનાઓ અરજદાર/આરોપી વિરુધ્ધ રાજકીય અદાવતથી દાખલ કરવામા આવેલ છે અને તેમાથી મોટા ભાગના કેસો પુર્ણ થઈ ગયેલા છે અને તેમાથી અરજદાર/આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવેલા છે. વધુમાં માત્ર ઘણા બધા ગુનાઓ દાખલ થયેલા છે તે કારણસર જામીનનો ઈન્કાર થઈ શકે નહી તેવુ નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે.વધુમાં અરજદાર/આરોપી ફરી કોઈ ગુનામા સંડોવાશે નહી તેમજ કોર્ટ ફરમાવે તે શરતોનુ પાલન કરવાની ખાતરી આપતા હોય તેમજ તપાસ પુર્ણ થતા ચાર્જસીટ થતા અને કેસનો ગુણદોષ ઉપર નિર્ણય થતા ઘણો સમય લાગે તેમ હોય તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને યોગ્ય રકમના રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

અરજદાર/આરોપી તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાની હવેપછી ચર્ચા કરવામાં આવશે.

૫) જયારે સામાપક્ષે સરકારશ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામા આવેલ છે કે,અરજદાર/આરોપી તે ડેડીયાપાડા વિધાનસભા સીટ ઉપરથી આપ નામની રાજકીય પાર્ટીમાથી ચુંટાઈ આવેલ ગુજરાત વિધાનસભાના સભ્ય છે પરંતુ તેઓ કોઈ કાયદાને માન આપતા નથી તેમજ કાયદા મુજબ કોઈ વર્તન કરતા નથી અને તેઓની વિરુધ્ધ અગાઉ ૧૮ જેટલા ગુનાઓ દાખલ થયેલા છે જેમા લુંટ,ધાડ,આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરવું,સ્ત્રીઓની છેડતી કરવી તેમજ ફરજ પરના અધિકારીઓ જેવા કે બ્યુરોક્રેટસ કે પોલીસ અધિકારીઓને ફરજ બજાવતા અટકાવવા તેમની ફરજમા રુકાવટ કરવી જેવા ગંભીર પ્રકારના ગુનાઓનો સમાવેશ થાય છે.આમ અરજદાર/આરોપી સતત ગુનાહીત પ્રવૃતિમાં રચ્ચાપચ્ચા રહે છે અને તેમના વિરુધ્ધ જો કોઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવે તો એટલે તુરત જ પોતે એમ.એલ.એ.છે અને તેઓના વિરુધ્ધ રાજકીય અદાવતથી કાર્યવાહી કરવામા આવી રહેલ છે તેવો બચાવ લઈ પોતાની જાતને હમેશા પ્રોટેકટ કરવાનો પ્રયત્ન કરતા રહેલા છે ત્યારે લોકશાહીમા બંધારણ અને કાયદો જ સર્વોચ્ચ છે અને તેનાથી ઉપર કોઈ નથી.જો કોઈ કાયદાનો ભંગ કરે તો પછી તે એમ.એલ.એ.હોય તો તેના વિરુધ્ધ પણ કાયદેસરની કાર્યવાહી ચલાવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. હાથ ઉપરના કેસમાં પણ અરજદાર/આરોપીએ ડેડીયાપાડામા મુકામે પ્રાંત અધિકારીની કચેરીમાં પ્રાત અધિકારીની અધ્યક્ષતામા મળેલ મીટીંગમાં લોકશાહીમા ચુંટાયેલા ધારાસભ્ય તરીકે વર્તન ન કરતા એક ગુંડા અને બાહુબલી જેવુ વર્તન કરી ઉચ્ચ અધિકારી અને પદાધિકારીઓની હાજરીમાં ખુબ જ નિમ્ન કક્ષાનુ વર્તન કરી સાગબારા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કે જેઓ સ્ત્રી હોય તેમની સાથે મહીલાને ન શોભે તેવા અભદ્ર શબ્દો બોલી તેમને અપમાનિત કરેલ છે તેમજ મોબાઈલનો છુટો ઘા ફરીયાદીને મારી તેમજ મજબુત અને વજનદાર કાચનો ગ્લાસ જે પ્રાંત અધિકારીના ટેબલ પર હતો તે લઈ તેનો છુટો ઘા ફરીયાદીને માથામા મારવાના ઈરાદાથી મારેલ જે હાજર પોલીસે હાથ આડો કરતા તેના હાથ સાથે અથડાઈ નીચે ફર્સ પર પડતા તે તુટી ગયેલ અને ત્યારબાદ તે તુટેલા ધારદાર ગ્લાસને પોતાના હાથમા લઈ તેઓએ ફરીયાદીને મારી નાખવાના ઈરાદાથી તેમના પર હુમલો કરી એક હાથથી તેનુ ગળુ પકડી અને બીજા હાથમા રહેલ ધારદાર અણીદાર ગ્લાસ ફરીયાદીને મારી નાખવાના ઈરાદાથી તેના ગળાના ભાગે મારેલ પરંતુ ફરીયાદીએ જેમતેમ કરી પોતાનો જીવ બચાવેલ

છે. આમ અરજદાર/આરોપીએ એક પ્રજાના ચુંટાયેલા નાયકને ન શોભે તેવુ કૃત્ય કરી ફરીયાદીને સરાજાહેર બધાની વચ્ચે હત્યા કરવા પ્રયત્ન કરેલ છે અને તેમ છતા અરજદાર/આરોપી તરફે એવી રજુઆત કરવામા આવે છે કે ફરીયાદીને ઈજા થયેલ નથી એટલે હત્યાની કોશીષનો ગુનો બનતો નથી પરંતુ બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧) વંચાણે લેતા તેમા હત્યાની કોશીષના ગુનામાં ભોગબનનારને ઈજા થવી જરુરી નથી.વધુમાં જો ઈજા થયેલ હોત તો તેમા વધુ સખત સજાની જોગવાઈ થયેલ છે ત્યારે હત્યાની કોશીષનો ગુનો બનતો નથી તેવી રજુઆત ખોટી જણાય આવે છે.વધુમાં અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે પાણીના ગ્લાસનો કાચ એવો હોય છે કે નીચે ફર્સ પર પછડાઈ તો તેના નાના નાના ટુકડા થઈ જાય છે અને તેમાથી કોઈ ધારદાર કે અણીદાર ગ્લાસ બનતો નથી.આમ હકીકતથી વિરુધ્ધની અને પંચનામામા જણાવેલ હકીકતોથી તદન વિરુધ્ધની ખોટી દલીલો માત્ર જામીન પર છુટવાના ઈરાદાથી કરવામા આવેલ છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરતા તેઓને પ્રિમીયમ મળશે અને તેઓને વધુ ગુનાઓ કરવા માટે પ્રોત્સાહન મળશે તેમજ તેઓ ડેડીયાપાડા વિધાનસભા ના એમ.એલ.એ.હોય વગ ધરાવનાર વ્યકિત હોય તેઓ શાક્ષી પુરાવાને તોડી ફોડી નાખશે,તપાસ પ્રભાવિત કરશે તેમજ ફરીયાદી સાહેદોના જીવનુ જોખમ ઉભુ થશે તેવી પરિસ્થિતિનુ નિમાર્ણ થાય તેમ છે કારણ કે અરજદાર/આરોપી સતત ગુનાહીત પ્રવૃતિ કરનાર વ્યકિત છે તેના વિરુધ્ધ અગાઉ ૧૮ ગુના દાખલ થયેલા છે જેમા ઘણા બધા ગુના ગંભીર પ્રકારના છે.વધુમાં અગાઉ અરજદાર/આરોપીને પાસામા રાખવાનો હુકમ થયેલ છે તેમજ તડીપાર કરવાનો પણ હુકમ થયેલ છે ત્યારે આવી વ્યકિતને ખુલ્લી મુકવાથી તેઓ ચોકકસરીતે તપાસને પ્રભાવીત કરશે તેવી શકયતા રહેલ છે.વધુમાં તપાસ હાલ મહત્વના તબકકા પર પેન્ડિંગ છે.વધુમાં આંક ૮ થી રજુ કરેલ સ્ક્રીપ્ટ તથા પેઈન ડ્રાઈવનુ ફુટેજ તથા રેકોર્ડીંગ જોતા સ્પષ્ટ થાય છે કે નર્મદા જીલ્લાના આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ જેઠાભાઈ વસાવા જો અરજદાર/આરોપીને સાત દિવસમા જેલ મુકત કરવામા નહી આવે તો હથીયારો સાથે આદીવાસી સમાજના લોકો ડી.વાય.એસ.પી.કચેરી,કલેકટર કચેરી અને જેલ ઉપર હુમલો કરશે તેવી ન્યુઝ ચેનલમા કેમેરાની સામે ધમકી આપી રહેલા છે અને આ જ વ્યકિત અરજદાર/આરોપી સાથે ફોન પર પૈસાની લેતીદેતીની વાતો કરે છે તેમજ અરજદાર/આરોપી ફોન પર અજાણ્યા ઈસમ સાથે પૈસાની લેતીદેતીની વાત કરી બેફામ ગાળો અને

ધમકી આપી રહેલા છે અને તા.૫/૭/૨૦૨૫ ના રોજ અરજદાર/આરોપી એલ.સી.બી.કચેરીમા કસ્ટડીમા હતા ત્યારે તેઓએ તેમની બંને પત્નિ સાથે મુલાકાત કરેલી અને ત્યારે પણ પોતાના વિરુધ્ધમા ગુનો નોંધાયેલ છે માટે આવતીકાલે મહોરમનો તહેવાર હોય એક પણ દુકાન ચાલુ રહેવી જોઈએ નહી અને તાજીયા પણ નિકળવા જોઈએ નહી અને તેની માટે જેટલો ખર્ચ થાય તેટલો કરી લેજો તેમ જણાવી રહેલ છે.આમ અરજદાર/આરોપી ખરેખર માથાભારે અને ગુનાહીત તત્વ છે અને તે એમ.એલ.એ.તરીકે ચુંટાઈ આવેલા છે તેનો લાભ લઈ ગુનાહીત પ્રવૃતિ ચાલુ રાખવા માંગે છે અને તેમણે કોઈની બીક કે ડર નથી તેવા સંજોગોમાં અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

સામાવાળા શ્રી સરકાર તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાની હવેપછી ચર્ચા કરવામાં આવશે.

૬) સમગ્ર હકીકતે,જામીન અરજી, સાથે રજુ થયેલ દસ્તાવેજો,ત.ક.અમલદારનુ સોગંદનામુ તથા તપાસના પેપર્સ વંચાણે લેતાં તેમજ તે સાથે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની પરસ્પર વિરોધી દલીલો ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે ફરીયાદ મુજબનો બનાવ તા.૫/૭/૨૦૨૫ ના રોજ કલાક બપોરના બાર વાગ્યાના સુમારે પ્રાંત કચેરી ડેડીયાપાડાની ઓફીસમાં ગામ ડેડીયાપાડા તા.ડેડીયાપાડા જી.નર્મદા મુકામે બનવા પામેલ છે જેમા પ્રાંત કચેરીની ઓફીસમાં પ્રાંતઅધિકારીની અધ્યક્ષતામા ડેડીયાપાડા તાલુકા સંકલનની મીંટીગ યોજાયેલ હતી અને તે મીંટીગ પુર્ણ થયા બાદ બપોરના બાર વાગ્યે પ્રાંત અધિકારી શ્રી ડી.આર.સંગાળાના અધ્યક્ષ સાથે એ.ટી.વી.ટી.(આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો) યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ મા મળનાર રકમ અંગે આગોતરુ આયોજન કરવા મીટીંગ મળેલ હતી જેમા ફરીયાદી ડેડીયાપાડા તા.પં.ના પ્રમુખશ્રી તરીકે, સાગબારા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી તરીકે ચંપાબેન,ડેડીયાપાડા તાલુકા વિકાસ અધિકારી જગદિશ સોની,સાગબારા તા.વિ.અ.મહેશભાઈ વસાવા,મામલતદારશ્રી ડેડીયાપાડા અને સાગબારા તેમજ ડેડીયાપાડા અને સાગબારા તાલુકાના એ.ટી.વી.ટી.ના સભ્યો મીટીંગમા હાજર હતા અને મીટીંગ ચાલુ હતી તે દરમ્યાન સરકાર ધ્વારા નિયત ધારાધોરણ અને નિતિનિયમ પ્રમાણે સરકારી સભ્યોની નિમણુક થાય છે તે અંગે અરજદાર/આરોપીએ પ્રાત સાહેબને જણાવેલ કે મારા માણસોને નિમણુક કેમ કરવામા આવેલ નથી અને મારા પાસે નામો કેમ મંગાવવામા આવેલ નથી તેમ કહી અચાનક ફરીયાદી તથા સાગબારા તા.પં.ના પ્રમુખશ્રી ચંપાબેનને ઉગ્ર થઈ ગાળો

આપવા લાગેલા અને સાગબારા તા.પં.ના પ્રમુખશ્રીને અભદ્ર ભાષામાં મહીલાને ના શોભે તેવા શબ્દો બોલવા લાગેલા જેથી ફરીયાદીએ તેમણે આવુ વર્તન નહી કરવાનુ જણાવતા અરજદાર/ આરોપી ઉશ્કેરાઈ ગયેલા અને તેઓએ પ્રાંત અધિકારીના ટેબલ પર મુકેલ મોબાઈલ ફોન લઈ ફરીયાદીને છુટો માથામા મારતા ફરીયાદીને માથાના ભાગે વાગેલો તે પછી અરજદાર /આરોપીએ ખુરશી પરથી ઉભા થઈ ફરીયાદી પાસે આવી ફરીયાદીએ પહેરેલ ટીશર્ટ પકડી ફાડી નાખેલ અને ૨–૩ લાફા મારી ગમે તેમ ગાળો આપવા લાગેલા,ત્યારબાદ અરજદાર/આરોપીએ પ્રાંત અધિકારીના ટેબલ પર પડેલ વજનદાર કાચનો ગ્લાસ ફરીયાદીને માથાના ભાગે છુટો મારેલ પરંતુ હાજર પોલીસે હાથ આડો કરતા કાચનો ગ્લાસ પોલીસના હાથમા વાગી નીચે પડતા તુટી ગયેલો અને તે તુટલો અણીદાર કાચનો ગ્લા અરજદાર/આરોપીએ પોતાના હાથમા લઈ ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ફરીયાદી પાસે આવી '' આજે તો હું તને મારી નાખીશ '' તેમ કહી તુટલો ગ્લાસ ફરીયાદીને ગળાના ભાગે મારવા જતા ફરીયાદીએ જેમતેમ કરી પોતાનો જીવ બચાવેલ અને પ્રાંત સાહેબની ઓફીસમા રહેલ ખુરશી પણ તોડી નાખેલ અને જતા જતા ફરીયાદીને ''તું ઓફીસની બહાર નિકળ,હું તને જીવતો નહી રહેવા દઉ '' તેવી ધમકી આપેલ.આમ અરજદાર/આરોપી વિરુધ્ધ ફરીયાદી તેની ફરીયાદમા માનવ હત્યાની કોશીષ જેવા ગંભીર ગુનાનો આક્ષેપ કરેલ છે. બીજી તરફ અરજદાર/આરોપીએ માર્ક ૯/૧ થી તા.૫/૭/૨૦૨૫ ના રોજ ડેડીયાપાડા પો.સ્ટે.મા આપેલ ફરીયાદની નકલ રજુ કરેલ છે જે વંચાણે લેતા મીટીંગમા હાજર અક્ષય માંગીલાલ જૈન બાબતે અરજદાર/આરોપીએ પુછતા આ કમીટીના બીનસરકારી સભ્ય તરીકે ડેડીયાપાડા તાલુકામા (૧) અક્ષય માંગીલાલ જૈન (૨) હંસાબેન મથુરભાઈ વસાવા (૩) દિવાનજીભાઈ ચામડીયાભાઈ વસાવા તથા સાગબારા તાલુકા કમીટીમાં (૧) માનસીંગભાઈ મગનભાઈ વસાવા (૨) સુભાષભાઈ ફુલસીંગભાઈ વસાવા અને (૩) વર્ષાબેન કૃષ્ણભાઈ વસાવા તેમ મળી કુલ છ સભ્યોનો સમાવેશ કરેલ છે તેમ જણાવેલ ત્યારે અક્ષય માંગીલાલ જૈન જેઓ વેપાર અર્થે અહી આવેલ હોય અને જેઓ કોઈ ચુંટાયેલ સંસ્થામા ન હોય કે અહીના લોકો સાથે કોઈ લેવાદેવા ન હોય તેમ છતા કમીટીમા સમાવેશ કરેલ હોય જેથી તેઓએ તેનો વિરોધ કરેલ અને માત્ર ચુટાયેલ સભ્યો જ કમીટીમા રહે અને કામોના આયોજન આપશે તેમ કહેલ અને હાથ ચોમાસુ હોય જેથી બે અઠવાડીયા સુધી આયોજન સ્થગિત રાખવા જણાવેલ તેમજ અમો અહીના ચુટાયેલ ધારાસભ્ય

હોય અને અમોને વિશ્વાસમા લીધા વગર છ સભ્યોનો સમાવેશ કરવામા આવેલ જે રદ કરવા અને ફરીથી કમીટી બેસી સર્વાનુમતે સભ્યોની નિમણુક કરવામા આવે તેમ જણાવેલ જેથી ફરીયાદી સંજય વસાવાએ આ અમારા સભ્યો છે અમે નકકી કરેલા છે અને આ કમીટીમા તેમનો સમાવેશ કરી આયોજન પણ લેવુ જ પડશે અમારી સરકાર છે મીટીંગ તો થશે જ આયોજન પણ થશે જ તમારે જે કરવુ હોય તે કરી લો તેવુ ઉગ્રતાથી જણાવતા બોલાચાલી થયેલ હતી દરમ્યાન સંજયભાઈએ મારી ફેટ પકડી પોતાના બટન તોડી નાખેલ હતા અને અમારી સરકાર છે તેમ કહી જોઈ લેવાની ધમકી આપેલ હતી.આમ અરજદાર/આરોપીએ પણ મુળ ફરીયાદી વિરુધ્ધ આક્ષેપો કરેલા છે.વધુમાં અરજદાર/આરોપીએ ડેડીયાપાડા પો.સ્ટે.મા બપોરના બે વાગ્યે ફરીયાદ આપ્યાનુ જણાવે છે પરંતુ રજુ કરેલ ફરીયાદની નકલમા તેવો કોઈ સમય લખેલ નથી . તે જ રીતે આ કેસના ફરીયાદીએ કલાક ૧૮:૦૦ વાગ્યે ફરીયાદ આપેલ છે જે ફરીયાદ બનાવ બન્યા બાદ છ કલાકે આપેલ છે અને તે ગોઠવીને આપેલ છે તેવો આક્ષેપ કરવામા આવેલ છે પરંતુ ફરીયાદીની ફરીયાદમા કરેલ આક્ષેપ તથા તે સાથે મીટીંગમા હાજર સાહેદો જગદીશકુમાર અજયકુમાર સોની તા.વિ.અ.ડેડીયાપાડા,દિવ્યેશકુમાર રામસીંગભાઈ વસાવા મદદનીશ તા.વિ.અ.ડેડીયાપાડા, તરુણ શંકરભાઈ પટેલ ના.કા.ઈજનેર તથા અક્ષય મંગલચંદ જૈનના નિવેદનો વંચાણે લેતા ફરીયાદ હકીકતને તેઓ સમર્થનકારી હકીકતો જણાવે છે તેવુ સ્પષ્ટ જણાય આવે છે.તે જ રીતે સાહેદ ચંપાબેન સુભાષભાઈ વસાવા પ્રમુખશ્રી તા.પં.સાગબારાનાઓનુ નિવેદન વંચાણે લેતા તેનાથી પણ ફરીયાદીએ તેની ફરીયાદમા જણાવેલ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે તેવું જણાય આવે છે.વધુમાં પ્રાંત અધિકારી ડેડીયાપાડાનાઓએ તા.૫/૭/૨૦૨૫ ના રોજ પી.આઈ.શ્રી ડેડીયાપાડાને જાણવા જોગ ફરીયાદ પોતાના લેટર પેડ પર લખીને આપેલ છે તે વંચાણે લેતા તેનાથી પણ ફરીયાદીએ તેની ફરીયાદમા જણાવેલ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.વધુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ જે તા.૬/૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૯:૧૫ થી ૨૦:૪૦ દરમ્યાન બે પંચોની હાજરીમા કરવામા આવેલ છે તે વંચાણે લેતા હાજર પ્રાંત અધિકારીશ્રીનાઓ જણાવે છે કે નીચે પડેલ કાચના ગ્લાસ અમારી ઓફીસના પટાવાળા તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ જેઠીયાભાઈ વસાવાનાઓએ સાફ સફાઈ કરેલ છે જે પ્લા.ની સુપડીમાં મુકેલા છે જે સુપડી બતાવતા તેમા એક કાચનો તુટેલો ગ્લાસ તથા કાચના તુટેલા ટુકડાઓ તેમજ એક મણકાની તુટલે માળા

તેમજ મણકાઓ પડેલા છે તથા બે અલગ અલગ બટનો પડેલા છે તેમજ જે કાચનો તુટેલો ગ્લાસ છે તે અનિયમીત આકારનો મજબુત અને અણીદાર છે તેમજ જે તુટેલા ગ્લાસના કાચના ટુકડાઓ જોતા અણીદાર છે.આમ ગુનાવાળી જગ્યાનું પંચનામુ વંચાણે લેતા પણ ગુનાવાળી જગ્યાએ એક તુટેલો ગ્લાસ છે જે અનિયમીત આકારનો મજબુત અને અણીદાર છે તેવી સ્પષ્ટ નોંધ થયેલ છે ત્યારે પીવાના પાણીના ગ્લાસનો કાચ એવો હોય છે કે જે નીચે ફર્સ પર પડે તો તે અનિયમીત આકારમા મજબુત અને અણીદાર ગ્લાસ રહેતો નથી પરંતુ તે નાના નાના ટુકડામાઓમા વહેચાઈ જાય છે તેવી અરજદાર/આરોપી તરફે કરવામ આવેલ દલીલ પ્રથમ દર્શનીય રીતે વ્યાજબી જણાય આવતી નથી.વધુમાં ફરીયાદીએ પહેરેલ ટીશર્ટ કબજે કર્યાનું પંચનામુ વંચાણે લેતા ફરીયાદીનુ ટીશર્ટ ફાટી ગયેલ હાલતમા કબજે કરવામા આવેલ છે.વધુમાં ફરીયાદીનુ એમ.એલ.સી. સર્ટી. વંચાણે લેતા તેમણે કોઈ બાહ્ય ઈજા થયેલાનુ જણાતુ નથી પરંતુ બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧) તથા તે સાથે ફરીયાદીની ફરીયાદ,નજરેજોનાર સાહેદોના નિવેદનો,પ્રાંત અધિકારીની જાણવા જોગ ફરીયાદ તથા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે અરજદાર/આરોપી વિરુધ્ધ હત્યાની કોશીષનો સ્પષ્ટ રીતે આક્ષેપ કરવામા આવેલ છે અને તેને વ્યાજબી રીતે સમર્થન પ્રાપ્ત થાય છે ત્યારે હત્યાની કોશીષના ગુનામા ફરીયાદીને ઈજા થવી જરુરી છે તેવી અરજદાર/આરોપી તરફે કરવામા આવેલ દલીલ બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧) ની જોગવાઈ વંચાણે લેતા વ્યાજબી અને માનવા લાયક જણાય આવતી નથી ત્યારે અરજદાર/આરોપી વિરુધ્ધ માનવહત્યાની કોશીષ જેવા ગંભીર ગુનાનો આક્ષેપ થયેલ છે બીજી તરફ ત.ક.અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા અરજદાર/આરોપી વિરુધ્ધ અગાઉ જે ગુનાઓ દાખલ કરવામા આવેલા છે તેનુ લીસ્ટ નીચે મુજબ છે.

| અનું.નં. | ગુના રજી.નંબર અને કલમ |
|---|---|
| ૧ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. । ૧૭/૨૦૧૪,આઈ.પી.સી.કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૩૫૪(એ),૫૦૪,૫૦૩ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ. |
| ૨ | સાગબારા પો.સ્ટે.ગુ.ર.નં. । ૧૬/૨૦૧૭,આઈ.પી.સી.કલમ-૧૪૩,૧૪૭,૧૪૯,૩૩૨,૩૪૧,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ. |
| ૩ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. । ૩૬/૨૦૧૮,આઈ.પી.સી.કલમ-૧૧૫,૧૧૬,૧૨૦(બી),૧૪૭,૧૪૮,૧૪૯,૩૯૫,૪૨૭,૪૫૦ મુજબ. |

| | |
|---|---|
| ૪ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. । ૧૦૬/૨૦૧૯,આઈ.પી.સી.કલમ-૩૫૪(એ),(૧)(૪),૫૦૬(૨) તથા આઈ.ટી.એકટ ૨૦૦૮ ની કલમ-૬૭(એ)મુજબ. |
| ૫ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૦૦૪૨૯/૨૦૨૦,આઈ.પી.સી. કલમ-૧૮૮,૧૨૦(બી),૧૮૬,૫૦૫(૧)(ખ),૧૧૪ મુજબ. |
| ૬ | રાજપીપળા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૧૭૨૦૧૩૧૮/૨૦૨૦,આઈ.પી.સી. કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ. |
| ૭ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૧૦૬૦૯/૨૦૨૧,આઈ.પી.સી. કલમ-૧૮૮,૨૬૯ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ. |
| ૮ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૧૦૬૫૧/૨૦૨૧,આઈ.પી.સી. કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૪૩,૧૪૭,૪૨૭,૪૫૨,૧૫૩(ક) તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ. |
| ૯ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૧૦૮૨૭/૨૦૨૧,આઈ.પી.સી. કલમ-૩૯૭,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ. |
| ૧૦ | કેવડીયા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૧૪૨૦૦૦૦૯/૨૦૨૧,આઈ.પી.સી. કલમ-૩૫૩,૫૦૫(૧)(બી),૫૦૬(૧),૧૮૮,૧૮૬,૧૪૩,૧૪૭,૨૬૯,૧૨૦(બી), તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ. |
| ૧૧ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૨૦૪૭૩/૨૦૨૨,આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા જી.પી.એકટની કલમ-૧૩૧ મુજબ. |
| ૧૨ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૨૦૫૪૩/૨૦૨૨,આઈ.પી.સી. કલમ-૩૦૬,૫૦૬(૨) મુજબ. |
| ૧૩ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૩૧૨૭૧/૨૦૨૩,આઈ.પી.સી. કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૮૬,૧૮૯,૩૩૨,૩૫૩,૩૮૬,૨૯૪(બી), ૫૦૬(૨),૨૦૧,૩૪ તથા આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(એ) મુજબ. |
| ૧૪ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૪૧૩૩૪/૨૦૨૪,બી.એન.એસ. ની કલમ-૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨),૧૯૧(૩),૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૩૫૧(૩),૬૧(૨)(એ)મુજબ. |
| ૧૫ | ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૮૨૩૦૦૪૨૫૦૧૭૩/૨૦૨૫,બી.એન.એસ. ની કલમ-૨૨૩ તથા લોક પ્રતિત્વ અધિ.એકટ ૧૯૫૧ ની કલમ-૧૨૬(૨)મુજબ. |
| ૧૬ | રાજપારડી પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૧૯૯૦૫૭૨૪૦૮૫૩/૨૦૨૪,બી.એન.એસ. ની કલમ-૧૨૬(૨),૨૮૫,૩(૫) મુજબ. |
| ૧૭ | અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ-એ.૧૧૧૯૯૦૨૧૨૪૧૪૩૩/૨૦૨૪, બી.એન.એસ. ની કલમ-૨૨૧,૨૨૪,૩૨૯(૩),૧૨૫,૧૨૬(૨),૩(૫) મુજબ. |

| | |
|---|---|
| ૧૮ | ગરૂડેશ્વર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૮૨૩૦૦૯૨૫૦૨૭૫/૨૦૨૫,બી.એન.એસ.ની કલમ–૨૨૧,૧૮૯(૨),૧૨૬(૨) મુજબ. |

૭) આમ અરજદાર/આરોપી વિરુધ્ધ અગાઉ ૧૮ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.વધુમાં અરજદાર/આરોપી વિરુધધ દાખલ થયેલા ગુનાઓનુ લીસ્ટ વંચાણે લેતા સને ૨૦૧૪ થી ૨૦૨૫ ની સાલ સુધી અરજદાર/આરોપી વિરુધ્ધ સતત ગુનાઓ દાખલ થતા રહેલા છે.વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધ રાયોટીંગ,ધાડ,લુંટ,આત્મહત્યા કરવા ઉશ્કેરણી કરવી, ગેરકાયદેસર અટકાયત કરવી,કાવતરુ રચી ગુનાઓ કરવા,સ્ત્રીઓની છેડતી કરવી,જાનથી મારી નાખવાની ધમકીઓ આપવી,ફાયર આર્મ્સ સાથે સરકારી કર્મચારીઓ તથા પોલીસ કર્મચારીઓને ફરજ બજાવતા અટકાવવા અને ફરજમા રુકાવટ કરવી અને મારામારી કરી ઈજા કરવી જેવા ગંભીર પ્રકારના ગુનાઓ દાખલ થયેલા છે.જો કે અરજદાર/આરોપી તરફે આ પૈકી મોટા ભાગના કેસોમા તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવેલા છે તેવી રજુઆત કરવામા આવેલ છે પરંતુ એક પણ કેસના ચુકાદાની નકલ રજુ કરવામા આવેલ નથી.વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધ અગાઉ પાસા નીચે કાર્યવાહી કરવામા આવેલ છે તેમજ તેઓને તડીપાર કરવામા આવેલ છે.વધુમાં અરજદાર/આરોપીને સેશન્સ કોર્ટ રાજપીપળા ધ્વારા મારામારીના ગુનામા છ માસની કેદની સજા કરવામા આવેલ છે અને તેમણે પ્રોબેશન પર મુકત કરવામા આવેલા છે અને આ દરમ્યાન પણ તેઓ ઘણા બધા ગુનાઓમા સંડોવાયેલા છે ત્યારે અરજદાર/આરોપી સતત ગુનાહીત પ્રવૃતિમા રચ્યા પચ્યા રહે છે તેમજ તેઓને જામીન મુકત કરતા તેઓ ડેડીયાપાડા વિધાનસભા સીટ પર ચુંટાયેલા ધારાસભ્ય હોય તેઓ પોતાની વગનો ઉપયોગ કરી શાક્ષીઓને તોડી ફોડી નાખશે તેમજ શાક્ષીઓને નુકશાન પહોચાડશે અને ફરીયાદપક્ષના કેસને નબળો પાડી દેશે તેવી સરકારશ્રી તરફે કરવામા આવેલ રજુઆત વ્યાજબી અને માનવા લાયક જણાય આવે છે.વધુમાં અરજદાર/આરોપી તરફે (૧) પ્રભાકર તિવારી વિ.સ્ટેટ ઓફ ઉતરપ્રદેશ, ૨૦૨૦(૦), એ.આઈ.જે.ઈ.એલ.–સુપ્રિમ કોર્ટ–૬૫૬૭૪ (૨) નસીમબાનુ ગુલહસન મહંમદ કુરેશી વિ.સ્ટેટ ઓફ ગુજરાત,એ.આઈ.જે.ઈ.એલ.એચ.સી.–૨૪૩૨૮૧ (૩) વાડીલાલ પંચાલ વિ.દતાત્રેય દુલાજી ઘાડીગાઉનકર લોઝ(એસ.સી.)૧૯૬૦ ૫ ૬ ના ચુકાદાઓ રજુ કરી તેના પર આધાર રાખી તેમા આરોપી વિરુધ્ધ ઘણા બધા ગુનાઓ દાખલ થયેલા હતા તેમ છતા નામ.સુપ્રિમ કોર્ટે જામીન

મંજુર કરેલા હતા તેમજ ગુજરાત હાઈકોર્ટે ૪૦ જેટલા ગુના હોવા છતા પ્રોહીબીશનના ગુનામા જામીન મંજુર કરેલા હતા અને તેથી અરજદાર/આરોપી વિરુધ્ધ પણ માત્ર ૧૮ જેટલા ગુનાઓ દાખલ થયેલા હોય જામીન મંજુર કરવા માંગણી કરેલ છે.જયારે સરકારશ્રી તરફે (૧) સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ.ક્રિષ્ણા ઉર્ફે ઓમપ્રકાશ,એ.આઈ.આર.૨૦૧૯ સુપ્રિમ કોર્ટ ૭૧૩ (૨) વિજયકુમાર વિ.સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ક્રિં.એમ.પી.(એમ.નં.૨૩૬૦/૨૦૨૩ તા.૨૮/૧૧/૨૦૨૩) (૩) ભુટ્ટો વિ.સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ક્રિં.એમ.પી.(એમ.નં.૨૯૦૨/૨૦૨૩ તા.૮/૧૨/૨૦૨૩) (૪) શોએબ રાજા વિ.સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ક્રિ.અપીલ નં.૩૩૨૭/૨૦૨૪ તા.૨૫/૯/૨૦૨૪ (૫) નિરુ યાદવ વિ.સ્ટેટ ઓફ યુ.પી.ક્રિ.અપીલ નં.૨૫૨૭/૨૦૧૪ તા.૧૬/૧૨/૨૦૧૪ ના ચુકાદાઓ રજુ કરી ગંભીર ગુનામાં સંડોવાયેલ આરોપીને પેરીટીના ગ્રાઉનસર જામીન આપેલા હતા તે જામીન રદ કરવાની મૃતકની પત્નિની અપીલના અનુસંધાને નામ.સુપ્રિમ કોર્ટે ભુતકાળમા આરોપી ગંભીર ગુનામા સંડોવાયેલ હોય તેને ધ્યાનમા લીધા સીવાય જામીન મંજુર કરી શકાય નહી તેમ ઠરાવી જામીન રદ કરવાનો હુકમ કરેલ છે તેમજ આઈ.પી.સી.કલમ ૩૦૭ ના ગુનામાં જેની હત્યાની કોશીષ કરવામા આવેલ હોય તેને ઈજા થવી જ જોઈએ તેવુ જરુરી નથી તેવુ ઠરાવેલ છે અને હાથ પરના કેસમા પણ અરજદાર/આરોપી વિરુધ્ધ ૧૮ જેટલા ગંભીર ગુના દાખલ થયેલા હોય અને તેણે ફરીયાદીને જાનથી મારી નાખવાનો પ્રયત્ન કરેલ હોય જામીન નામંજુર કરવા વિનંતી કરેલ છે. બંને પક્ષકારો તરફે રજુ થયેલ ચુકાદાઓ,તેની હકીકત, તેમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અને તે સાથે હાથ પરના કેસની હકીકતો વંચાણે લેતા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧) વંચાણે લેતા હત્યાની કોશીષમા ભોગબનનારને ઈજા થયેલી જ હોવી જોઈએ તેવી કોઈ ફરજીયાત જરુરીયાત હોવાનુ જણાય આવતુ નથી.તે જ રીતે અરજદાર/આરોપી વિરુધ્ધ અગાઉ ૧૮ જેટલા ગુનાઓ દાખલ થયેલા છે અને તેમા ગંભીર પ્રકારના ગુનાઓનો પણ સમાવેશ થાય છે.અરજદાર/આરોપી વિરુધ્ધ પાસા તેમજ તડીપારીની કાર્યવાહી થયેલ છે. અરજદાર/આરોપીને સેશન્સ કોર્ટે મારામારીના કેસમા છ માસની સજા કરેલ છે અને પ્રોબેશન પર છોડેલા છે અને તે દરમ્યાન પણ અરજદાર/આરોપીએ ગુનાઓ કરેલા છે તેવુ રેકર્ડ પર જણાય આવે છે ત્યારે અરજદાર/આરોપી તરફે રજુ થયેલા ચુકાદાઓ તેની દલીલને મદદ થતા હોવાનુ જણાય આવતુ નથી. જયારે સરકારશ્રી તરફે રજુ થયેલા ચુકાદાઓ તેની દલીલને મદદરુપ થતા હોવાનુ

જણાય આવે છે.વધુમાં ત.ક.અમલદારે આંક ૮ થી રજુ કરેલ ઓડીયો વિડીયો ટ્રાન્સસ્ક્રીપ્ટ તથા તે સાથે ઓડીયો વિડીયો ફુટેજ જોતા પણ અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા ન આવે તો સરકારી કચેરીઓ અને જેલને નુકશાન પહોચાડવાની ધમકીઓ આપવામા આવી રહેલી છે તેમ જણાય આવે છે.જયારે સમગ્ર હકીકત અરજદાર/આરોપીની જામીન અરજી હાલના સ્ટેજે મંજુર કરવી બિલકુલ વ્યાજબી જણાય આવતી નથી અને તેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા સીવાય બીજો કોઈ વિકલ્પ રહેતો ન હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

::– **<u>હુકમ</u>** –::

બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયેની ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ–એ.૧૧૮૨૩૦૦૪૨૫૦૯૨૨/૨૦૨૫ નાં કામે બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧),૭૯, ૧૧૫(૨),૧૧૮(૧),૩૫૧(૩), ૩૫૨,૩૨૪(૩) મુજબનાં ગુનાના કામે અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:– રાજપીપળા

તારીખ:–૧૪/૦૭/૨૦૨૫

(**અતુલકુમાર વિનોદભાઈ હીરપરા**)
એડી.સેશન્સ જજ–નર્મદા, મુ.રાજપીપળા
કોડ નં.જીજે.૦૦૬૫૬